નજાનૂના સાહસો

04

નિકોલાઈ નોસોવ



નજાનૂ કવિ કેવી રીતે બન્યો





04

નજાનૂ કવિ કેવી રીતે બન્યો

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ



બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો






નજાનૂના ચિત્રકાર બનવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા, ત્યારે તેણે નક્કી કર્યું કે હવે તે કવિ બનશે.
તે ડૅન્ડેલિયન સ્ટ્રીટમાં રહેતા એક કવિને ઓળખતો હતો. એ કવિનું સાચું નામ ટર્નિપ્સ હતું, પરંતુ બધા કવિઓને સુંદર નામ રાખવાનો શોખ હોય છે, તેથી તેણે પોતાના માટે બીજું નામ પસંદ કર્યું હતું.
તે પોતાને પોઝી કહેતો હતો.
એક દિવસ નજાનૂ પોઝીને મળવા ગયો અને તેને કહ્યું:
"પોઝી, મને કવિતા લખતાં શીખવ. હું કવિ બનવા માગું છું."
"તારી પાસે કોઈ આવડત છે?" પોઝીએ પૂછ્યું.
"ચોક્કસ છે!"નજાનૂ બોલ્યો. "હું તો ખૂબ જ પ્રતિભાશાળી છું."

.

"એ તો હવે જોઈશું." પોઝીએ કહ્યું. "તને ખબર છે કે પ્રાસ કેવી રીતે બનાવાય?"
"પ્રાસ? એ શું હોય છે? "નજાનૂએ પૂછ્યું.
"પ્રાસ એટલે એવા શબ્દો શોધવા, જેમના અંતના અવાજો એકસરખા હોય. જેમ કે 'ટીકલ – પિકલ', 'બેરી – ચેરી'. સમજાયું?"
"હા, સમજાયું."
"તો હવે 'વેટર' માટે પ્રાસવાળો શબ્દ બોલ."
"મિસ્ટર," નજાનૂએ જવાબ આપ્યો.
"અરે મૂર્ખ!" પોઝીએ કહ્યું. "'મિસ્ટર' અને 'વેટર'નો પ્રાસ મળતો નથી."
"કેમ નહીં?" નજાનૂએ કહ્યું. "બંને શબ્દોના અંતનો અવાજ તો સરખો જ છે."
"માત્ર છેલ્લો અવાજ સરખો હોવો પૂરતો નથી," પોઝીએ સમજાવ્યું. "છેલ્લાથી પહેલાંનો અવાજ પણ મળતો હોવો જોઈએ. જેમ કે: 'મધર – બ્રધર', 'સિમ્પલ – પિમ્પલ', 'ટેન્ડર – ફેન્ડર'."







"અરે, હવે સમજાયું!" નજાનૂ ખુશીથી બોલ્યો. "મધર–બ્રધર, સિમ્પલ–પિમ્પલ, ટેન્ડર–ફેન્ડર. આ તો બહુ મજાની રમત છે!"
"તો હવે 'સિઝર્સ' (કાતર) માટે પ્રાસવાળો શબ્દ શોધ," પોઝીએ કહ્યું.
"ઝિઝર્સ," નજાનૂએ તરત જવાબ આપ્યો.
"'ઝિઝર્સ' એટલે શું?" પોઝીએ પૂછ્યું. "એવો કોઈ શબ્દ જ નથી."
"નથી?"
"ખરેખર નથી."
"તો પછી 'ફિઝર્સ'!"
"અને 'ફિઝર્સ' શું હોય?" પોઝીએ પૂછ્યું.
"ફિઝર્સ? અરે, જે વસ્તુઓ 'ફિઝ' કરે તે!" નજાનૂએ કહ્યું.
"આ શબ્દ તો તે હમણાં જ બનાવી કાઢ્યો છે," પોઝીએ કહ્યું. "આવો કોઈ શબ્દ નથી. તારે સાચા શબ્દો પસંદ કરવા જોઈએ, મનમાં આવે તેવા વિચિત્ર શબ્દો ઘડી કાઢવાના નથી."
"પણ જો મને કોઈ સાચો શબ્દ જ ન મળે તો?" નજાનૂએ પૂછ્યું.
"તો તેનો અર્થ એ કે તારામાં કવિ બનવાની આવડત નથી."
"સારું, તો હવે 'સિઝર્સ' માટે પ્રાસવાળો શબ્દ તું જ શોધી બતાવ," એણે કહ્યું.
"જરા થોભ," પોઝીએ જવાબ આપ્યો.
તે ઓરડાની વચ્ચે ઊભો રહ્યો. તેણે છાતી પર હાથ વાળી દીધા, માથું એક બાજુ ઝુકાવ્યું અને વિચારવા લાગ્યો.
પછી તેણે માથું ઊંચું કરીને છત તરફ તાકી જોયું અને ફરી વિચારવા લાગ્યો.





પછી તે પોતાની દાઢી હાથમાં ટેકવી અને જમીન તરફ તાકી તાકી વિચારવા લાગ્યો.
આ બધું કર્યા પછી તે ઓરડામાં આંટા મારવા લાગ્યો અને પોતાની જાત સાથે બબડવા લાગ્યો:
"સિઝર્સ, મિઝર્સ, બિઝર્સ, નિઝર્સ, રિઝર્સ..."
તે લાંબા સમય સુધી આમ બબડતો રહ્યો. આખરે તેણે કહ્યું:
"અરે, જવા દે! આ શબ્દનો તો કોઈ પ્રાસ જ મળતો નથી!"
"જોયું ને!"નજાનૂ વિજયભાવથી બોલ્યો. "તમે જ મને એવો શબ્દ આપ્યો, જેનો કોઈ પ્રાસ નથી, અને પછી કહો છો કે મારામાં આવડત નથી!"
"કદાચ તારામાં આવડત હશે, પણ ભગવાનને ખાતર હવે મને એકલો છોડ," પોઝીએ કહ્યું. "મારું માથું તો ચક્કર ખાઈ રહ્યું છે. જે કંઈ લખવું હોય તે લખ, બસ તેમાં પ્રાસ હોવો જોઈએ અને તેનો અર્થ પણ નીકળવો જોઈએ; તો એ કવિતા બની જશે."

"ખરેખર એટલું સહેલું છે?" નજાનૂએ પૂછ્યું.
"હા, બસ આવડત હોવી જોઈએ."
નજાનૂ ઘરે ગયો. ઘરે પહોંચતાં જ તે બેસી ગયો અને કવિતા લખવા લાગ્યો. આખો દિવસ તે ઓરડામાં આમથી તેમ ફરતો રહ્યો. ક્યારેક જમીન તરફ જોતો, ક્યારેક છત તરફ. ક્યારેક દાઢી પર હાથ ટેકવીને ઊભો રહેતો અને પોતાની જાત સાથે બબડતો રહેતો.
છેવટે, તેની કવિતાઓ તૈયાર થઈ ગઈ.

"સાંભળો, બધાં!" નજાનૂ બોલ્યો. "મેં કેટલીક કવિતાઓ લખી છે."
"વાહ! બહુ સરસ!" તેના મિત્રોએ કહ્યું. "તારી કવિતાઓ શેના વિશે છે?"
"તમારા વિશે," નજાનૂએ જવાબ આપ્યો. "પહેલી કવિતા જાનૂ વિશે છે:“

એક દિવસ જાનૂ ફરવા ગયો,
ઘેટાંના બચ્ચાં ઉપરથી કૂદી ગયો.

"શું?“ જાનૂ ચીસ પાડીને બોલ્યો. "હું ક્યારે ઘેટાંના બચ્ચાં પર કૂદ્યો હતો?"





"એ તો માત્ર પ્રાસ મેળવવા માટે લખ્યું છે," નજાનૂએ સમજાવ્યું.
"એટલે પ્રાસ માટે તું મારા વિશે ગમે તેવી ખોટી વાતો ઘડી કાઢીશ?" ગુસ્સે ભરાયેલા જાનૂએ કહ્યું.
"હા, જરૂર!" નજાનૂએ જવાબ આપ્યો. "સાચી વાતોમાંથી તો મને પ્રાસ મળતો નહોતો, ને!"
"ફરી આવું કરવાનો પ્રયત્ન પણ કરતો નહીં!" જાનૂએ ચેતવણી આપી. "શું તું બીજાઓ વિશે પણ આવી ખોટી વાતો લખી છે?"
"હા, આ રહી સ્વિફ્ટી વિશેની એક કવિતા:"

એમ કહે છે ભૂખ્યો સ્વિફ્ટી,
ઠંડું લોખંડ ખાઈ ગયો ઝટપટી.

"શું?"



"સાંભળ્યું?" સ્વિફ્ટી બૂમ પાડી બોલ્યો. "સાંભળ્યું તેણે મારા વિશે શું કહ્યું? મેં મારા જીવનમાં ક્યારેય ઠંડું લોખંડ ખાધું નથી!"
"આટલી બૂમાબૂમ ન કર," નજાનૂએ કહ્યું. "મેં 'ઠંડું' શબ્દ તો માત્ર પ્રાસ મેળવવા માટે વાપર્યો છે."
"પણ મેં ગરમ લોખંડ પણ ક્યારેય ખાધું નથી!" સ્વિફ્ટી ગુસ્સાથી બોલ્યો.
"પણ મેં ક્યાં કહ્યું છે કે તું ગરમ લોખંડ ખાધું છે?" નજાનૂએ જવાબ આપ્યો. "એટલે તારે આટલું ઉશ્કેરાવાની જરૂર નથી."
"હવે પ'રૅપ્સ વિશેની મારી કવિતા સાંભળો:“

પ'રૅપ્સને તેના ઓશિકા નીચે મળી,
અડધા પાઉન્ડ વજનની એક કેક મળી.





પ'રૅપ્સ દોડતો પોતાના પલંગ પાસે ગયો અને ઓશિકા નીચે જોવા લાગ્યો.
"અહીં તો કોઈ કેક નથી," તેણે કહ્યું.
"તું કવિતા સમજતો જ નથી,“નજાનૂએ કહ્યું. “ખરેખર, ત્યાં કોઈ કેક નથી. મેં તો માત્ર પ્રાસ મેળવવા માટે એમ લખ્યું હતું. મેં ડૉ. પિલમેન વિશે પણ એક કવિતા લખી છે."
"મિત્રો, હવે આ બધું બંધ કરાવવું જ પડશે!" ડૉ. પિલમેન બોલી ઊઠ્યા. "શું આપણે શાંતિથી ઊભા રહીને એને આપણા વિશે આવી ખોટી વાતો કરતા રહેવા દઈએ?"
"ના, બિલકુલ નહીં!" બધાએ એકસાથે કહ્યું. "હવે ઘણું થયું! અમને આ બિલકુલ પસંદ નથી. આ કવિતાઓ જ નથી. એ તો ફક્ત અમારી મજાક ઉડાવી રહ્યો છે."
પરંતુ જાનૂ, સ્વિફ્ટી અને પ'રૅપ્સને બાકીની કવિતાઓ પણ સાંભળવાની ઉત્સુકતા હતી.



"તેને બાકી રહેલ કવિતાઓ વાંચવા દો," તેઓ બોલ્યા. "જો તેણે અમારા વિશે વાંચી છે, તો તમારા વિશે કેમ ન વાંચે?"
"ના, અમને એ મંજૂર નથી! અમે નથી સાંભળવાના!" બાકીનાઓએ વિરોધ કર્યો.
"સારું, જો તમે સાંભળવા નથી માંગતા, તો હું પડોશીઓ પાસે જઈને તેમને મારી કવિતાઓ સંભળાવીશ," નજાનૂએ કહ્યું.
"શું?" બધા ચોંકી ઊઠ્યા. "પડોશીઓની સામે અમારી બદનામી કરવી છે? જો તું આવું કરીશ, તો પછી ઘેર પાછો આવતો નહીં!"
"અચ્છા, ઠીક છે, તો હું એવું નહીં કરું," નજાનૂએ કહ્યું. "મારા પર ગુસ્સો ન કરો."
અને તેણે મનમાં નક્કી કર્યું કે હવે પછી તે ક્યારેય બીજી કવિતા નહીં લખે.







